# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

મળે ન પ્રવાસી બીઆરટીએસ મન મનાવે છે,
કરે છે બંધ રૂટ બદલવાને નામે બનાવે છે,
જણાવે છે ખોટ 'બસમાં' અંદરખાને તંત્ર ફુટેલું -
આવ્યું છે સરકારી દબાણ બસ-તંત્ર તનાવે છે

## હાઈકુ

'ભાડાં' માં દાઝ્યા,
ઉપર દેસે ડામ -
રેલ્વે બજેટ!

ફૂંક મારીને -
હવે એ ચૂસી લેસે -
'ચા'ની ચૂસ્કીમાં..

(તૈયાર રહેજો - આવે છે આકરું બજેટ)

## ચિંતન

**ત્યજતિ ચ ગુણાન્સુંદરં તનુમપિ દોષં નિરીક્ષ્ય ગૃહણાતિ ।**
**મુક્તત્વાલંકૃત કેશાન્યૂકામિવ વાનરઃ પિશુનઃ ॥**

જેમ વાનર શણગારેલા કેશને છોડીને જૂ ને જ પકડે છે તેમ દુર્જન માણસ સદાચારી માણસના સદ્‌ગુણોને છોડીને એનામાં રહેલા નાના નાના દોષોને જ પકડે છે

કહેવાય છે કે રામના રાવણ પર વિજય પછી વિભિષણે વાનરસેનાને કિંમતી વસ્ત્રો, મોતીની માળાઓ, હાર વગેરે આપ્યાં પણ વાનર લોકો તો એને ફોલી ફોલી ફળની જેમ, ખાવાનું સમજી તોડી ફોડી નાખ્યાં - અહીં વાનર સ્વભાવ પ્રમાણે ઓળેલા-પટિયાં પાડી શણગારેલા ગૂંથેલા વાળને જોવા કે વખાણવા સાથે વાનરને સંબંધ નથી એ તો આવા સુંદર સુસજ્જિત વાળમાંથી પણ નાની નાની જીવાત-જૂ ને પકડી ખાઇ જાય છે તેમ દુર્જનો-દુષ્ટ લોકો સજ્જનના સ્વભાવમાં રહેલા સદ્‌ગુણને જોતા નથી પરંતુ એમાંથી નાના-નાના દોષ-અવગુણ કેમ શોધવા એની વેતરણમાં જ સદા રહે છે.

## સુવિચાર

- કામ સારૂં હોય એને તો ભગવાન ખુદ ટોર્ચ લઇને શોધી નાખે છે, સારૂં કામ કરો તો એનું ફળ મળશે જ **- ડો. ચન્દ્રકાન્ત મહેતા**
- મંદિરમાં ભગવાનને પણ કોક'દી એવી ઇચ્છા થતી હશે કે આજે એનો ભક્ત કંઇ માંગે નહીં, બસ મને જોયા જ કરે **- દલાઇ લામા**
- ઇચ્છા જયારે અન્ય પર નિર્ભર હોય ત્યારે તે અપેક્ષા બને, શક્યતા હોય પણ આત્મવિશ્વાસ ન હોય ત્યારે એ ધારણા બને **- જ્ઞાનસૂત્ર**
- થાક લાગે તેના જેવી ઊંઘની ગોળીની શોધ હજી થઇ નથી **- જગદીશ જોશી**
- આપણી દિનચર્યા સાત્ત્વિક બને અને આપણે વ્યવહાર પ્રામાણિક બને તો અડધા રોગો આપોઆપ ટળે છે **- મોરારી બાપુ**
- અદેખા સ્વભાવનો માણસ મનનો રોગી છે **- રવિશંકર મહારાજ**
- તમારે જીવવું હોય તો ચાલવું જોઇએ, તમારે લાંબુ જીવવું હોય તો દોડવું જોઇએ **- ઝીણાભાઇ નાવિક**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ઘણા ધર્મોમાં અને સંપ્રદાયોમાં એના સ્થાપકો એ ઘણીવાર વૈજ્ઞાનિક રીતે સારી એવી બાબતોને ધાર્મિક આદેશ તરીકે વણી લીધી હોય છે. જેથી તેના અનુયાયીઓ એ વાત 'ધાર્મિક' રીતે અનુસરી સ્વાસ્થ્યની આપોઆપ સંભાળ રાખે, ખ્રિસ્તી ધર્મની સામુહિક પ્રાર્થના, ઇસ્લામના રોજા, જૈન ધર્મમાં ચૌ-વિહાર-(સંધ્યા સમય પછી ન ખાવું) ચાતુર્માસ, હિન્દુ ધર્મના એકટાણા એકાદશીનો ઉપવાસ વગેરે..

તૈમૂર લંગ ક્રૂર સેનાપતિ હતો. કેટલાક દેશો પર ચઢાઇ કરી દેશ-દેશના પાણી પીધાં - એનું સૈન્ય મજબૂત અને ખડતલ હતું એ જમાનામાં નદી-પર્વતો-રણ-પ્રવાસ સૈન્ય અને સૈનિકોને પગપાળા જ કરવા પડતા-આમ છતાં, તૈમૂરનો એક પણ સૈનિક કદી બિમાર પડતો નહીં.

એક અંગ્રેજ પત્રકારે - આ વાતનું રહસ્ય તૈમૂરને પુછ્યું - તૈમૂરે કહ્યું - હિન્દુસ્તાન પર ચઢાઇ કરી ત્યારે ત્યાંનાં એક જૈન જતિએ મને ગરમ-ઉકાળેલું પાણી પીવાની સલાહ આપી હતી. મને એના અસરકારક ફાયદા દેખાયા, પછી ત્યારથી મેં મારા સૈનિકો માટે ઉકાળેલું જ પાણી પીવાનો નિયમ કરી નાખ્યો - મારો એક પણ સૈનિક હવે કદી બિમાર પડતો નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

# સ્ત્રી-પુરૂષે એકબીજાના સમકક્ષ બનવાની જરૂર નથી!

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

જીસ કી કોખ જે જન્મ હોતા : વહ માં
જીસ કે પેટ પર ખેલને મેં મઝા આતા : વહ પિતા
જો ધારણ કરતી : વહ માં
જો સિંચન કરતા : વહ પિતા
જીસ કે સ્તન સે દૂધ પિયા જાતા : વહ માં
જીસ કી મૂછેં ચુભને પર ભી ચુંબન લિયા જાતા : વહ પિતા
જો ગોદ મેં લેકર સહલાતી : વહ માં
જો હાથો મેં ધરકર ઊંચા ઉઠાતા : વહ પિતા
જો ઉંગલી પકડકર ચલના સીખાતી : વહ માં
જો કંધો પે લેકે દૌડના સીખાતા : વહ પિતા
જો ડૂબ ડૂબ ગગરી કરતી : વહ માં
જો હર હર ગંગે કરતા : વહ પિતા
જો આંચલ તલે દબાતી : વહ માં
જો પિંજડે સે નિકાલતા : વહ પિતા
જો વ્યાકુલ હોતી : વહ માં
જો સંયમ સિખાતા : વહ પિતા
જો આશીર્વચન જૈસી : વહ માં
જો નમસ્કાર તુલ્ય : વહ માં
જીસ કે સિવા જીવન નહીં : વહ માં
જીસ કે સિવા ભવિષ્ય નહીં : વહ પિતા

**(મૂળ કાવ્ય : વિશ્વાધાર દેશમુખ)**
**(અનુવાદ : સુનીલ કુલકર્ણી)**

'કવિતા : પિતા કી' નામની આ કવિતા એકદમ યુનિક છે. માની લો કે કાવ્ય સામાન્ય છે. તો પણ તેનો વિષય સાવ નોખો, નિરાળો છે. કવિતા અને એ પણ પિતા પર? 'જનની જોડ સખી નહીં જડે રે લોલ...' કે 'મા તે મા, બાકી બધા વગડાના વા...' કે એવું બધું હોય તો સમજ્યા. પણ પિતાનાં ગુણગાન? કવિઓએ નારીને એટલી હદે અબળા, બિચારી અને લાચાર દર્શાવી છે કે પુરૂષ આપમેળે જ ક્રૂર, દયાહિન અને જુલમી દેખાતો થઇ ગયો છે. અગાઉ પણ આ કોલમમાં અમે પૂછ્યું કે મા તે મા... એ કબૂલ, પણ બાકીના બધા વગડાના વા છે એમ કેમ કરીને માની લેવું?



પ્રકૃતિએ સ્ત્રી-પુરૂષને અલગ અલગ પ્રકારનાં શરીર આપ્યાં છે અને કદાચ પ્રકૃતિએ જ એ શરીરરચના મુજબ બેઉને જુદા જુદા પ્રકારની ભૂમિકાઓ આપી છે. સૌએ પોતાનો રોલ આબાદ પ્લે કરવાનો રહે છે. સ્ત્રી હોમમેકર છે એ સાચું પણ પુરૂષ કંઇ હોમબ્રેકર નથી. સ્ત્રી પોતાનાં પરિવાર પ્રત્યેના સમર્પણભાવ થકી 'હોમ' બનાવે છે ત્યારે તેમાં પુરૂષના પુરૂષાર્થ, મહેનત અને ક્યારેક જ પ્રગટ થતા પરિવાર પ્રેમના ઇંટ-કોન્ક્રીટનું પણ યોગદાન હોય છે.

હોમ અને હાઉસ વચ્ચે તફાવત છે. એટલો જ ફર્ક છે - જેટલો ઘર અને મકાન વચ્ચે છે. સ્ત્રી અને પુરૂષ વચ્ચે સમજણ સેતુ રચાય અને સાયુજ્ય સધાય ત્યાં ઇંટ-ચૂનો અને કોન્ક્રીટનું મકાન આપોઆપ હસતું - રમતું - ગેલ કરતું ઘર બની જાય. જ્યાં આવી સંવાદિતા ન સર્જાય એ ઇમારત કદાચ ગમે તેટલી ભવ્ય હોય - તેને ઘર ન કહેવાય. હા! એને વૈભવી મકાન જરૂર ગણાવી શકાય.

આવા વૈભવી મકાન કરતાં તૂટેલું ફૂટેલું ઘર ક્યારેક વધુ રળિયામણું લાગે. હાર્મની પાસે એક પ્રકારની સુંદરતા હોય છે. ક્યારેક આજની તારીખે પણ નાના શહેરમાં પતિ-પત્ની એક જ સાઇકલ પર જતાં હોય એવાં દૃશ્યો જોવા મળી જાય છે. પતિ સાઇકલ ચલાવતો હોય અને પત્ની પાછળ બેઠી હોય. નવાઇ તો લાગે જયારે એમને ચાલુ સાઇકલે એકમેક સાથે હસી-હસીને વાતો કરતાં નિહાળીએ! એ બેઉ વચ્ચેનું નિર્ભેળ હાસ્ય ક્યારેક ગાડીમાં જતા યુગલ વચ્ચે પથરાયેલાં ભારેખમ મૌન કરતાં વધુ કિમતી છે.

સ્ત્રી-પુરૂષ એક રથનાં બે પૈડાં છે એ સ્વીકાર કરો તો પણ બીજી જ પળે એ પણ માનવું પડે કે બેઉની ભૂમિકા સાવ ભિન્ન છે, એકમેકથી નોખી છે. સ્ત્રી જયારે પુરૂષ સમોવડી બનવા જાય ત્યારે પોતાનાં સ્ત્રીત્વનું એ જાતે જ અપમાન કરે છે. તેનું સ્ત્રીપણું એકદમ લાજવાબ છે. સ્ત્રીત્વ એ તત્ત્વ છે જેમાં અનેક સલ્તનતો ડૂબી ગઇ અને સરમુખત્યારો ફના થઇ ગયા. સ્ત્રીપણું એ સ્વયં એક મજબૂત જમાપાસું છે. તમે ક્યારેય રેસલિંગ રીંગમાં ઊતરતી સ્નાયુબદ્ધ સ્ત્રી જોઇ છે? તેને કદાચ પોતાની જાત પર ગમે તેટલો ગર્વ થતો હશે પણ વાસ્તવિકતા એ છે કે, એ દૃશ્ય ખરેખર કદરૂપુ હોય છે. સ્ત્રીને પુરૂષ સમોવડી થવાની જરૂર નથી, પુરૂષને સ્ત્રી બનવાની આવશ્યકતા નથી. પુરૂષ પોતે પુરૂષ બની રહે અને સ્ત્રી ખુદ સ્ત્રી બનીને રહે તેમાં જ બેઉનું ગૌરવ છે.

સ્ત્રીનું ગૌરવ જગતે બહુ કર્યું છે. બેશક, તેનું અપમાન પણ ઘણું થયું છે, પરંતુ એક માતા તરીકે વિશ્વની તમામ સંસ્કૃતિએ સ્ત્રીને માન આપ્યું છે, તેનાં ગુણગાન ગાયાં છે. પિતા તરીકે પુરૂષને તેના ભાગની ક્રેડિટ મળી નથી. સ્ત્રી અને પુરૂષ વચ્ચે જે સ્વભાવગત તફાવત છે એવો જ ફર્ક માતા અને પિતા વચ્ચે રહેવાનો. પુરૂષ ભાગ્યે જ સ્ત્રી જેટલો એક્સ્પ્રેસિવ હોય છે. સંતાનો પ્રત્યે પણ એ બહુ જૂજ કિસ્સામાં એક્સ્પ્રેસિવ બની શકતો હોય છે. સ્ત્રીની જેમ એને વારંવાર લાગણી પ્રદર્શિત કરતા આવડતું નથી, ફાવતું નથી, પરંતુ તેનો અર્થ એવો હરગિજ નથી કે એ લાગણીશૂન્ય હોય છે. એ કદાચ વત્તાઓછાં અંશે બેફિકર હોઇ શકે, પણ તેને બેજવાબદાર ન ગણી શકાય.

સંતાનો સાથે માતાનો સંવાદ વધુ થતો હોય છે. બેશક, ઝાઝા ભાગનાં કિસ્સામાં સંતાનો પોતાની માતાથી વધુ કલોઝ હોય છે. પુરૂષ બોલકો નથી. તેની લાગણી સંવાદોમાં નહીં, વર્તનમાં અને તેનાં નિર્ણયોમાં છલકાતી હોય છે. આર્થિક રીતે ખેંચાઇ જાય એમ હોવા છતાં ઉત્તમોત્તમ સ્કૂલમાં બાળકનું એડમિશન એ જયારે લે છે ત્યારે એ પ્રકારે વહાલ જ છલકાવતો હોય છે. વીક-એન્ડમાં મોંઘી રેસ્ટોરાંમાં કે મોંઘા એમ્યુઝમેન્ટ પાર્કમાં એ બાળકને લઇ જાય છે. ત્યારે તેનો સ્નેહ જ નીતરતો હોય છે. ટીન એજ સંતાનને એવો ટચસ્ક્રીન મોબાઇલ અપાવે છે, જેવો ખુદ પણ વાપરતો નથી. દીકરો દસમું પાસ કરે અને બદલામાં બાઇક માગે છે. પિતા પડ્યો બોલ ઝીલતો રહે છે. હા! ક્યારેક વહેલું - મોડું ચોક્કસ થઇ જાય છે. શુક્રવારે લાગેલી ફિલ્મ ક્યારેક સોમ-મંગળ સુધી જોવાની ફુરસત મળતી નથી. આવું ચાલ્યા કરે છે. તો એ વચ્ચે પણ એ જવાબદારી નિભાવતો રહે છે. ક્યારેક એ વચનો પાળે છે, કોઇ વખત બહુ ઇચ્છા છતાં બાળકોને આપેલું પ્રોમિસ પાળી શકતો નથી. હા! જયારે જયારે એ સંતાનોની ડિમાન્ટ સંતોષી ના શકે - અચૂક ગિલ્ટ ફિલીંગ થાય છે તેને. આ અપરાધભાવ જ તેને વિશિષ્ટ બનાવે છે. એ અપરાધભાવ પણ તેની લાગણીનું એક પ્રતીક છે - જો ઓળખી શકો તો!

# મારનારો અને રાખનારો રામ છે અને હું તેને આશરે છું

## પૂ. મોરારીબાપુના નાનપણની આઠ સ્મૃતિ વર્ણવે છે આદરણીય શ્રી જગન્નાથભાઈ ત્રિવેદી

## મોંઘેરા મોતી


- નટવર આહલપરા

રાજકોટથી પ્રકાશિત ભાતીગળ સૌરાષ્ટ્રનો વિશેષાંક 'મોરારી બાપુનું તલગાજરડા' તૈયાર થઇ ગયો હતો. મહુવાથી ડો. વિનોદભાઇ કનોજીયાનો (ગજ્જર) ફોન આવ્યો. વાત થઇ. મેં પૂ. જગન્નાથ દાદાએ લખેલાં પ્રસંગો મને મોકલવા વિનોદભાઇ કહ્યું. મને પણ પૂ. બાપુના પ્રસંગો વાંચવા મળ્યા. હું પ્રસન્ન થયો. આ પ્રસન્નતા આપ સૌ સુધી પહોંચે તેથી નિવૃત્તિ પ્રાથમિક શિક્ષક, તલગાજરડા પ્રાથમિક શાળાનાં પૂ. જગન્નાથભાઇ મકનભાઇ ત્રિવેદીએ વર્ણવેલા સૌજન્યપૂર્ણ પ્રસંગો પહોંચાડું છું. પૂ. બાપુનો મળેલો પ્રસાદ આપસો સુધી વહેંચું છું.

**પ્રસંગ-૧**

બાપુનો સ્વભાવ નાનપણથી જ વિનમ્ર, સૌમ્ય, શરમાળ, સરળ, મૃદુભાષી, કામ સિવાય કોઇની સાથે વધારે વાતો ન કરવી. પ્રાથમિક શાળામાં નિયમિત હાજરી, આપેલું લેશન વ્યવસ્થિત તૈયાર કરવું, તોફાન કરતાં આવડતું જ ન હોય એવું વર્તન ક્યારેય એમના માટે ફરિયાદ આવી હોય એમ બનતું જ નહિ. ચાલુ અભ્યાસમાં અભ્યાસ પૂરતું જ ધ્યાન આપવાનું રહેતું પરંતુ દૈવસંપદા લઇને જન્મેલો આત્મા નાનપણથી જ તુલસીના માળા બનાવી ભક્તગણને આપવી શ્રાવણ સેવાપૂજા, આરતી રસપૂર્વક કરવા. દર શનિવારે હનુમાનજીની વિશિષ્ટ પ્રકારે પૂજા, ધૂન, ભજન, થાળ, આરતીનો કાર્યક્રમ એમના માર્ગદર્શન દ્વારા મારૂતિ મંડળના ભાવિકો દ્વારા રાખવામાં આવતો. શાળાકીય પ્રવૃત્તિમાં સક્રીય ભાગ લેવાનો. એક નાટક પદ્ધતિસરનું 'પગરખાનો પાળીયો' ભજવેલું. તેમાં મોખરાનું પાત્ર રાખી આબેહુબ ભજવેલું. તેમનાં મિત્ર ત્રિકમદાસભાઇ ત્થા તેમણે ખૂબ જ સક્રીય થઇ કામગીરી કરી હતી. શાળા દ્વારા મારી આગેવાની નીચે પ્રવાસ તળાજા, પાલીતાણા, ભાવનગર, ગોપનાથનો યોજાયો હતો. જેમાં બાપુ જોડાયા હતા. પ્રાથમિક શિક્ષણ પૂરું થયા પછી માધ્યમિક શિક્ષણમાં હાજર થયાં. તલગાજરડાંથી ચાલીને મહુવા દરરોજ જવાનું અને અભ્યાસમાં પૂરતું ધ્યાન આપવાનું પરંતુ એને ચાલું શિક્ષણમાં તો કામ પૂરતો જ રસ હતો. કારણ કે એમને પરમશક્તિની યુનિવર્સિટીમાં છતાં પણ સત્ય, પ્રેમ, કરૂણાનું સામ્રાજય વિશ્વમાં સ્થાપવાની તેમની મહેચ્છાને ભગવાન ચંદ્રમૌલેશ્વર પુરી કરે એવી અભ્યર્થના સાથે વિરમું છું.

**પ્રસંગ-૨**



મોરારી બાપુ જેવા સંતનું પ્રાગટ્ય ક્યાં થાય બાપુના નિવાસસ્થાનની નજીકમાં જ રામજી મંદિર છે જેમાં ભગવાનની સેવાપૂજા કરવા માટે કૌટુંબિક રીતે વારા (વહેંચણી)ની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેનો વારો હોય તેમને સવાર સાંજ ભગવાનની વ્યવસ્થિત રીતે સેવા-પૂજા કરવાની અને મંદિરમાં આવતા સાધુ-સંતોની ચા-પાણી જમવાની વ્યવસ્થા કરવાની.

ત્રિભોવનદાસ બાપુએ તેમનાં નાનાભાઇ જાદવદાસ બાપુને પોતાનો વારો આપી દીધો હતો, પરંતુ મંદિરમાં આવતા સાધુસંતોની તમામ વ્યવસ્થાની કામગીરી પ્રભુદાસ બાપુએ સોંપી હતી. કોઇ સાધુસંત આવે એટલે બાપુ ત્યાં જાય અને પહેલાં તેમને પુછે કે શું લેશો ચા કોફી કે દૂધ સંત જે ઇચ્છા બતાવે તે પ્રમાણે ઘરે જઇ બનાવીને લઇ આવે પછી પૂછે કે ભોજનમાં તમે શું લેશો? સંત જે પ્રમાણે કહે તે પ્રમાણે બનાવીને લઇ આવ્યા પછી સંત જમે ત્યાં સુધી તેમની પાસે બેસે અને આધ્યાત્મિક વાતો કરે. બાપુની આર્થિક પરિસ્થિતિ બહુ સારી નહિ હોવા છતાં પોતે મુશ્કેલી વેઠીને પણ આ નિયમ કાયમી જાળવી રાખ્યો હતો અને સંતોના આશિર્વાદ મેળવી મોરારીબાપુ જેવા સંતનો પ્રાદુર્ભાવ મેળવી શક્યા.


**પ્રસંગ-3**

ત્રિભોવનદાસ બાપુને ત્રણ દીકરા મોટા વનમાળી દાસ આધ્યાત્મિક અભ્યાસ કરવાની તમન્ના હતી અને એના દ્વારા વિશ્વકલ્યાણની ભાવના હતી. એ રીતે મહુવામાં યોજાતા ધાર્મિક કાર્યક્રમોમાં સક્રીય રીતે રસ લેવાનો. ડોંગરે મહારાજની જેટલી કથાઓ થઇ તેમાં અમારી સાથે તેમની હાજરી વલ્લભભાગમાં યોજાતા રામભક્ત, શ્યામભક્તના પ્રવચનના કાર્યક્રમો તેમ જ યુ.પી. તરફથી આવતા બે ભાઇઓ દ્વારા યોજાતો રામદરબાર આબેહુબ પ્રસંગો તેઓ ભાવવાહી રીતે રજૂ કરતા આ બધા કાર્યક્રમો રાત્રે યોજાતા અને ચાલીને જવા આપવાનું હતું તો પણ આટલી નાની વયમાં અમારી સાથે આવતા ખૂબ જ રસપૂર્વક આનંદમાં તરબોળ થઇ જતા.

રાજુલામાં દર વરસે યોજાતી પાડુરંગદાદાની સંસ્થા તત્ત્વજયોતિમાં છ દિવસ સુધી હાજરી આપવાની અને ધ્યાનપૂર્વક પ્રવચનો સાંભળવા આ બધી આધ્યાત્મિક બાબતોમાં રસ લેતા લેતા ચાલુ અભ્યાસ તો કરવાનાનો જ સાથોસાથ દાદાએ આપેલી રામાયણની ચોપાઇઓનો અભ્યાસ તો કરવાનો જ તલગાજરડાથી મહુવા જતા આવતા રસ્તામાં જ આ કાર્યવાહી થતી. બાપુને એસ.એસ.સી. પરીક્ષામાં ત્રણ ટ્રાઇ આપવી પડી તેનું કારણ ઉપરોક્ત બાબતો હોય તેમ લાગે છે. પરંતુ પરમશક્તિની યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ મેળવી ઉત્તીર્ણ થયા છે. જેનું આપણને સૌને ગૌરવ છે. મને એનો ખુબ જ આનંદ છે કારણ કે કરેલું કોઇનું જતું નથી. એ મારી હાજરીમાં જ દેખાયું. વિશ્વકક્ષાએ પહોંચેલા સંત માટે વધારે લખવાની કે જાહેરાત કરવાની જરૂર રહેતી નથી.

ભાઇ બીજા નંબરના પ્રભુદાસબાપુ, ત્રીજા નંબરના ઇશ્વરદાસબાપુ. વનમાળીભાઇ બોમ્બેમાં સ્થિર થયા હતા. અને ત્યાં વેપારી પેઢીમાં નામું લખવાની કામગીરી કરતા હતા. તેને સારી આવક હતી. પ્રભુદાસ બાપુ તલગાજરડામાં જ રહી સેવકોની. તમામ કામગીરી સંભાળતા હતા કોઇ સેવક કંઇ પણ મુશ્કેલીમાં મુકાયો હોય તો તેની મુશ્કેલી દૂર કરવામાં રાતદિવસ સાથે રહી તેમની મુશ્કેલી દૂર કરવા સતત પ્રયત્ન કરતા બધા સેવકો બાપુ ઉપર એટલો વિશ્વાસ ધરાવતા કે નાણાકીય વ્યવહાર પ્રસંગોપાત બાપુને જ સોંપતા એ ધારે તો તેમને આર્થિક મુશ્કેલી સહન કરવી પડતી હતી તે કરવી ન પડત પરંતુ સેવક જ પ્રેમથી આપે તે જ સ્વીકારતા. નાના ઇશ્વરદાસ બાપુ બોમ્બેમાં ગોલ્ડન ટોબેકોમાં નોકરી કરતા હતા. પરંતુ ત્યાં લાંબો સમય રહ્યા બાદ તલગાજરડામાં ચા, પાન, બીડીની દુકાન કરી ઘરવ્યવહાર ચલાવતા. વનમાળીભાઇ બોમ્બે છોડી સારી કમાણી કરી તલગાજરડા આવ્યા અને નવા સારા પાકા મકાન બનાવ્યા એટલે એમે હું, બાલુઆતા, ખીમાભાઇ દાદાને કહ્યું કે પ્રભુદાસબાપુને મકાનની ખૂબ સંકડાશ છે, જેથી વનમાળી દાસ બાપુના મકાનમાં રહેવાનું રાખો. વનમાળીદાસ બાપુનો પણ આગ્રહ છે એટલે અમારી વાત સ્વીકારી ત્યાં રહેવા ગયા પરંતુ બે દિવસ રહ્યા બાદ ત્રીજા દિવસે પાછા આવ્યા એટલે અમે પુછ્યું કે દાદા કેમ પાછા આવ્યા ત્યારે તેમણે કહ્યું કે 'ફાવ્યું નહિ' બીજી કોઇ ટીકાટીપ્પણી વગોણા વહુ દીકરીનો વાંક કઇ જ કાઢ્યું નહીં. આવા સરળ સ્વભાવના સંતને ત્યાં મોરારીબાપુનું પ્રાગટ્ય થાય.

**પ્રસંગ-૪**



તળાજા તાલુકામાંથી જીવાભાઇ ચોકીદારની બદલી થઇ તલગાજરડા આવેલ તે જ્ઞાતિએ કોળી હતો અને કટુ સ્વભાવનો હતો એટલે આવતાની સાથે જ દુકાનદારોને ઓટલા કાઢી નાખો બજારમાં કચરો ન નાખો, પાણી ન ઢોળો વિગેરે સુચનાઓ આપવા માંડ્યો. એક વખત ઇશ્વરદાસબાપુની દુકાને આવી કડક સુચના આપવા માંડ્યો. બાપુને તેની સાથે સારી એવી રકઝક થઇ, બાપુએ તેને માર્યો. તે જતો રહ્યો. ત્યારે પ્રભુદાસ બાપુ મકાનની સંકડાશના કારણે રામજી મંદિરના પડથારે ગાદલું નાખી સુતા એટલે બાપુને બાલુભાઇ પટેલ ત્થા ખીમાભાઇ પટેલે કહ્યું કે હમણાં તમે ઘેર સુવાનું અથવા અમારે ઘેર સુવાનું રાખો તો સારું કારણ કે આ જીવો ચોકીદાર કોળી જ્ઞાતિનો છે અને કળિયારી લાકડી રાખે છે. એટલે તમે રાત્રે સુતા હો ત્યારે મારીને ક્યાં ચાલ્યો જાય તેનો કોઇ ભરોસો નહીં. એટલે બાપુએ કહ્યું કે મારનારો અને રાખનારો રામ છે અને હું તેને આશરે છું. મારે તેની જરા પણ બીક નથી આવા નિર્ભય સંતને ત્યાં સત્પસ્વરૂપ મોરારીબાપુનો પ્રાર્દુભાવ થાય.

**પ્રસંગ-૫**

પ્રભુદાસ બાપુ મારા ખાસ મિત્ર હતા જેથી અમારા બંનેના કુટુંબો એક જ કુટુંબના સભ્ય હોય તેમ રહેતા હતા. જેથી તેમનાં કુટુંબમાં બધા સભ્યોમાં મને દેવીગુણોના દર્શન થતા હતા જે નીચે પ્રમાણે

૧. ત્રિભોવનદાસ બાપુ - કરૂણામૂર્તિ
૨. અમૃતમા - કલ્યાણકારીમૂર્તિ
૩. પ્રભુદાસ બાપુ - સત્યમૂર્તિ
૪. સાવિત્રીબેન - પ્રેમમૂર્તિ

વડીલોના વારસાગત ગુણો સાથે સત્ય, પ્રેમ અને કરૂણામૂર્તિ મોરારીબાપુનું પ્રાગટ્ય થયું હોય તેમ લાગે છે.

**પ્રસંગ-૬**

પૂ. ત્રિભોવનદાસ બાપુના ભાઇ પૂ. વિષ્ણુ દેવાનંદજી બાપુ કૈલાસઆશ્રમ રૂષિકેષ મહામંડલેશ્વર-૧૦૦૮ જે પ્રખર જ્ઞાની અને વિદ્વાન હતા. એટલે એ જ્ઞાનને ભક્તિનો ઓપ આપવા મોરારીબાપુનું પ્રાગટ્ય થતું હોય એમ લાગે છે.

**પ્રસંગ-૭**

ભજન કરો અને ભોજન કરાવો.

તલગાજરડા બે કિલોમીટર દૂર પીઠોરીયા હનુમાનની જગ્યા છે. તલગાજરડાની હદમાં હોવાથી બધા ગામ લોકો તેમાં અતૂટ શ્રદ્ધા ધરાવે છે. એટલે ગામના લોકોએ ભેગા મળી ત્યાં બાપુની રામનવાહ પારાયણ કરવાનું નક્કી કર્યું. કમિટી નીમવામાં આવી જેમાં હું અને બીજા શિક્ષકભાઇ દુર્લભજીભાઇ બધી જાતની વ્યવસ્થા ગોઠવી નક્કી કર્યા પ્રમાણે ગામના રામજી મંદિરથી પોથીયાત્રા ધામધૂમથી ખૂબ જ ઉત્સાહપૂર્વક બે કિલોમીટર દૂર પહોંચી હનુમાનજીની વ્યવસ્થિત સેવાપૂજા કરી કથા પ્રારંભ કરવામાં આવેલ ત્યારે કથાનો સમય સવાર-બપોર બે વખતનો હતો. જગ્યાથી બબ્બે કિલોમીટરના અંતરે સાત-આઠ ગામો આવેલા છે. જેથી દરેક ગામના લોકો કથા સાંભળવા આવતા. એટલે બપોરે બાર વાગ્યે કથા પૂરી થાય ત્યારે બધા પોતપોતાનાં ગામે જમવા જતા રહે અને બપોરે જમ્યા બાદ ત્રણ વાગ્યે કથા સાંભળવા ફરી આવે કારણ કે અમે જમવાની વ્યવસ્થા ગોઠવી ન હતી. સાત આઠ ગામનાં લોકો આવે અને તેની જમાડવાની વ્યવસ્થામાં ઘણો ખર્ચ થાય એની સંકુચિતતામાં આમ ન કરી શક્યા. અમને આ જાતનો ખ્યાલ ન આવ્યો કે હનુમાનજીની જગ્યા. વક્તા રામ પ્રેમી અને કથા પણ તેની જ. એટલે આવો ત્રિવેણી સંગમ હોય ત્યાં તમે જે કરવા ધારો તે કરી શકો પહેલાં દિવસની કથા કર્યા પછી બાપુને એમ લાગ્યું કે કથા સાંભળવા આવે તે બપોરે ઘેર જમવા જાય અને પાછા આવે તે બરાબર નહિ. એટલે અમોને રાત્રે બોલાવ્યા અને કહ્યું કે મકરસંક્રાતિમાં પાંચ ગુણી બાજરો આવ્યો છે તે લઇ આવો અને બાજરાના રોટલા, અળદની દાળ, છાસ કાલ બપોરથી શરૂ કરી ધો. રામનું કામ રામ કરશે તમે ચિંતા કરોમાં. બીજા દિવસથી જમવાનું શરૂ કર્યું અને ચીજવસ્તુઓ, રોકડ રકમ આવવા માંડી કે અમે ત્રીજા દિવસથી મિષ્ઠાન ગુંદી ગાંઠિયા આપવાનું શરૂ કર્યું. પૂર્ણાહૂતિ થયા પછી એટલી બધી રકમ અને ચીજવસ્તુઓ વધી કે મઠમાં શંકરદાદાની પૂનઃપ્રાણપ્રતિષ્ઠા વખતે ગામધૂમાડા બંધનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. ભજન કરો અને ભોજન કરાવો એ ભાવ બાપુએ પ્રથમથી જ હતો.

તલગાજરડા ગામને હું સંતોની ભૂમિ માનું છું. જેમાં પૂ. ત્રિભોવનદાસ બાપુ, પૂ. પ્રભુદાસ બાપુ, પૂ. સુખારામ બાપુ, પૂ. હરિવલ્લભદાસ બાપુ, પૂ. વિષ્ણુ દેવાનંદજી બાપુ, પૂ. મોરારિબાપુ. આ દર્શનીય મહાન વ્યક્તિઓનાં જીવનમાંથી તથા એમનાં સત્સંગ શ્વાસ ઘણું ભાથું પ્રાપ્ત થયું છે. પૂજ્ય બાપુ પ્રાથમિક શિક્ષણના શિક્ષક તરીકે મારી તરફ આદરભાવ, અહોભાવ, પ્રેમભાવ રાખી રહ્યા છે. જેથી હું ધન્યતા અનુભવું છું. સાથોસાથ જે ભૂમિમાં ચાલીસ વરસ રહી સંતોનાં સાંનિધ્યમાં રહી કૃતાર્થ બનવાનું બન્યું તે ભૂમિને તથા પૂ. બાપુના ચરણોમાં કોટી કોટી વંદન કરું છું.

**'કથામૃત' - મનન**

મનનો ધર્મ સંકલ્પ વિકલ્પન છે એટલે સ્મરણ વખતે તે ખૂબ જ ત્રાસ આપે છે. પરંતુ ભગવદીય કથા પ્રસંગો તથા તેમના ગુણગાનમાં ત્રાસ આપી શકતું નથી એવું અનુભવથી લાગે છે. જીતેન્દ્રિય હોય તેનું જ મન સ્થિર થાય છે. એટલે એમાં અફસોસ કરવા જેવું નથી. તમારા કહેવા મુજબ મનને સ્થિર થવાથી રાહ જોયા વિના સતત સ્મરણ કરવાનું રહ્યું.

**આપનો અનુયાયી જગન્નાથના જય સીયારામ**